RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 157 *Date: 31.3.2026,Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ૧ એપ્રિલથી હાઈવે પર મુસાફરી થશે મોંઘી, ટોલ ટેક્સના દરમાં ૫% સુધીનો વધારો




નવા નાણાકીય વર્ષની શરૂઆત સાથે જ નેશનલ હાઈવે પર મુસાફરી કરવી મોંઘી બનશે. કેન્દ્ર સરકારે પહેલી એપ્રિલ-૨૦૨૬થી દેશભરના નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સના દરોમાં અંદાજે ૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે.

સરકારે ખાનગી વાહન ચાલકો માટે ઉપલબ્ધ વાર્ષિક પાસની કિંમતમાં પણ વધારો કર્યો છે. અત્યાર સુધી ૨૦૦ ટ્રિપ માટે જે વાર્ષિક પાસ ૩૦૦૦ રૂપિયામાં મળતો હતો, તેમાં નવા નાણાકીય વર્ષથી ૭૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયના અમલીકરણ સાથે જ દરરોજ મુસાફરી કરતા મુસાફરો, ખાનગી વાહન માલિકો અને પરિવહન વ્યવસાય સાથે જોડાયેલા લોકોએ હવે વધુ ખર્ચ કરવો પડશે.

ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા દર વર્ષે નવા નાણાકીય વર્ષની શરૂઆતમાં ટોલના દરોની સમીક્ષા કરવામાં આવે છે, જેના ભાગરૂપે આ વર્ષે પણ શુલ્કમાં વધારો કરવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રસ્તાઓની જાળવણી, મરામત અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવાના ઉદ્દેશ્યથી આ વધારો કરવામાં આવ્યો છે.

ટોલ ટેક્સમાં વધારાની સીધી અસર એવા લોકો પર પડશે જેઓ દરરોજ કામકાજ કે વ્યાપાર અર્થે નેશનલ હાઈવેનો ઉપયોગ કરે છે. ખાસ કરીને નાના વેપારીઓ અને ટ્રાન્સપોર્ટ સેક્ટર સાથે જોડાયેલા લોકોના ખર્ચમાં વધારો થવાની શક્યતા છે. આ ઉપરાંત, માલ સામાનના પરિવહનનો ખર્ચ વધવાથી અંતે તેની અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પણ પડી શકે છે.

## સ્પેને ટ્રમ્પને આપ્યો ઝટકો, અમેરિકાના સૈન્ય વિમાનો માટે એરસ્પેસ બંધ કર્યું, એરબેઝ પણ નહીં વાપરવા દે

અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન આડેધડ હુમલા કરવામાં આવી રહ્યા છે. ત્યારે ઈરાન દ્વારા પણ વળતો પ્રહાર કરવામાં કોઈ કસર બાકી રાખવામાં આવી રહી નથી. ત્રણેય દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધને એક મહિનાથી વધુ સમય થઈ ચૂક્યો છે. ત્યારે દુનિયાભરમાં અનિશ્ચિતતા ફેલાઈ ગઈ છે.




સ્પેનના અખબાર ‘અલ પાઈસ‘ ના અહેવાલ અનુસાર, સ્પેને ઈરાન સામેના યુદ્ધ માટે ઉપયોગમાં લેવાતી અમેરિકી સૈન્ય ફ્લાઈટ્સ માટે પોતાનું એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કરી દીધું છે. આ ઉપરાંત, સ્પેને તેના રોટા અને મોરોન એર બેઝનો ઉપયોગ યુદ્ધ કે રિફ્યુઅલિંગ ઓપરેશન્સ માટે કરવા પર પણ પ્રતિબંધ લાદ્યો છે. આ કડક વલણને કારણે વોશિંગ્ટનને મોરોન એર બેઝ પર ╯-૫૨ અને ╯-૧ બોમ્બર્સ તૈનાત કરવાનો પોતાનો પ્લાન રદ કરવાની ફરજ પડી છે. સ્પેન સરકાર સાથેની પરામર્શ બાદ અમેરિકાએ આ મોટો સૈન્ય નિર્ણય લેવો પડ્યો છે, જે મધ્ય પૂર્વના આ સંઘર્ષમાં અમેરિકા માટે એક મોટો રાજદ્વારી ફટકો માનવામાં આવી રહ્યો છે.ઈરાન ઈઝરાયલ સાથે હવે જેવા સાથે તેવા જેવું વર્તન કરી રહ્યું છે. ઈઝરાયલ દ્વારા સતત આડેધડ હુમલા કરવામાં આવી રહ્યા હતા ત્યારે ઈરાને પણ હવે એની જ ભાષામાં ઈઝરાયલને જવાબ આપ્યો છે. આ વખતે હાઈફામાં ઈઝરાયલની ઓઈલ રિફાઈનરીને નિશાન બનાવી છે. જેના પગલે ભારે ધૂમાડાની સાથે આગ ભડકતી દેખાઈ રહી છે.

## ગુજરાત પર માવઠાનું સંકટ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા આ જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

ગુજરાતમાં ગરમીના પ્રકોપ વચ્ચે ફરી એકવાર કમોસમી વરસાદી માહોલ સર્જાયો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટર્ફની સંયુક્ત અસરને પગલે રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, સોમવારે (૩૦ માર્ચ) રાજ્યના વિવિધ ભાગોમાં ગાજવીજ અને તેજ પવન સાથે હળવા વરસાદની શક્યતા છે, જેને પગલે ખેડૂતોમાં ફરી ચિંતાના વાદળો છવાયા છે.હવામાન વિભાગની આગાહી અનુસાર, ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. જેમાં દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છમાં કમોસમી વરસાદ પડી શકે છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠામાં કમોસમી વરસાદી પડી શકે છે. આ વિસ્તારોમાં વરસાદની સાથે ૩૦થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને થન્ડરસ્ટ્રોમ એક્ટિવિટી થવાની પણ શક્યતા છે. આજે વાદળછાયું વાતાવરણ રહેશે, મહત્તમ તાપમાન ૩૭ઝ આસપાસ રહેવાની શક્યતા

વરસાદી સિસ્ટમ સક્રિય થવાને કારણે રાજ્યના તાપમાનમાં પણ ફેરફાર નોંધાશે. આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે, જેનાથી લોકોને કાળઝાળ ગરમીથી આંશિક રાહત મળશે.માવઠાનો આ સિલસિલો માત્ર આજ પૂરતો સીમિત નથી. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી બીજી અને ત્રીજી એપ્રિલે ફરી એકવાર રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી ઝાપટાં પડી શકે છે. ભર ઉનાળે સર્જાયેલા આ વરસાદી માહોલને કારણે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

## હિમાચલ પ્રદેશમાં બરફવર્ષા, હરિયાણા-પંજાબમાં પણ વરસાદ



હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં રવિવારે હિમવર્ષા થઈ. લાહૌલ-સ્પીતિ, કુલ્લુના મનાલીમાં હિમવર્ષા પછી હવામાન બદલાયેલું જોવા મળ્યું. જ્યારે, કાશ્મીરમાં પણ ખીણના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ થયો.હવામાન વિભાગ મુજબ આવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે થયું. જમ્મુ-કાશ્મીરમાં ગુલમર્ગ, પહેલગામ, યુસમર્ગ, ગુરેઝ, રજદાન ટોપ અને સોનમર્ગ-ઝોઝિલા જેવા ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ. શ્રીનગર-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને બાંદીપોરા-ગુરેઝ માર્ગ બંધ કરવો પડ્યો.આ તરફ હરિયાણા-પંજાબના કેટલાક ભાગોમાં રવિવારે વરસાદ થયો. ચંદીગઢમાં વરસાદ થયો.

## લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલો શબ્બીર અહેમદ લોન દિલ્હીમાં અરેસ્ટ:દિલ્હી, તમિલનાડુમાં આતંકી મોડ્યુલ તૈયાર કરી રહ્યો હતો

દિલ્હીમાં સુરક્ષા એજન્સીઓએ સોમવારે લશ્કર-એ-તૈયબા (ને) સાથે સંકળાયેલા આતંકવાદી શબ્બીર અહેમદ લોનને દિલ્હી બોર્ડર પરથી પકડ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે તે બાંગ્લાદેશમાંથી ભારત વિરોધી ગતિવિધિઓ કરી રહ્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, શબ્બીર દિલ્હી, કોલકાતા અને તમિલનાડુમાં આતંકવાદી ગતિવિધિઓ માટે યુવાનોની ભરતી કરવાની તૈયારીમાં હતો. આ આખું નેટવર્ક પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી "જૈંના ઈશારે ઓપરેટ થઈ રહ્યું હતુંકાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીર (ૈંદ્ભ) એ ૨૬ માર્ચે શબ્બીરના આતંકવાદી મોડ્યુલની તપાસ માટે કાશ્મીરના ત્રણ જિલ્લાઓ, ગાંદરબલ, શોપિયાં અને શ્રીનગરના ૧૦ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા.

ૈંદ્ભ અનુસાર, આ કેસના તાર એક ટ્રાન્ઝેક્શનલ નેટવર્ક સાથે જોડાયેલા હોવાનું જણાયું છે, જેમાં મોડ્યુલને બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં બેઠેલા લશ્કર-એ-તૈયબાના હેન્ડલર્સ પાસેથી નિર્દેશો મળી રહ્યા હતા. સુરક્ષા એજન્સીઓ ૨ મહિનાથી શબ્બીરની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતીઆ મોડ્યુલનો ખુલાસો ૭ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં લગાવવામાં આવેલા દેશ વિરોધી પોસ્ટરોથી થયો હતો. દિલ્હી સ્પેશિયલ સેલના વધારાના પોલીસ કમિશનર પ્રમોદ સિંહ કુશવાહાએ જણાવ્યું હતું કે કેટલાક લોકોએ કાશ્મીરી ગેટ બસ સ્ટેન્ડ અને મેટ્રો સ્ટેશન પાસે ‘ફ્રી કાશ્મીર‘ના દેશ વિરોધી પોસ્ટરો લગાવ્યા હતા. ૈંજીહ્લના જવાનોએ આ જોઈને




મેટ્રો પોલીસને જાણ કરી. મેટ્રો પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી.

તપાસ દરમિયાન, મેટ્રો પોલીસે પોસ્ટર લગાવનારા ૨ આરોપીઓના આવવા-જવાના રૂટ શોધી કાઢ્યા. પોસ્ટર લગાવ્યા પછી બંને કોલકાતા ભાગી ગયા હતા. બાદમાં ૧૩ ફેબ્રુઆરીના રોજ કેસ સ્પેશિયલ સેલને ટ્રાન્સફર કરવામાં આવ્યો. ટીમ કોલકાતા પહોંચી. ત્યાં સ્થાનિક પોલીસના સહયોગથી સેલે ઉમર ફારૂક અને રબી-ઉલ-ઈસ્લામને પકડી પાડ્યા.પોલીસની પૂછપરછમાં બંનેએ કબૂલ્યું કે તેમણે બાંગ્લાદેશમાં બેઠેલા લશ્કરના હેન્ડલર શબ્બીર અહેમદ લોનના ઈશારે પોસ્ટરો લગાવ્યા હતા.

## ૧ એપ્રિલથી ડિજિટલ ગણતરી શરૂ; ઓનલાઈન પોર્ટલ પર જાતે પણ આપી શકાશે માહિતી

વસ્તી ગણતરી-૨૦૨૬નો પ્રથમ તબક્કો ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે આ માટે ૩૩ પ્રશ્નો બહાર પાડ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સ્થિર સંબંધમાં રહેતા લિવ-ઇન કપલ્સને પણ પરિણીત ગણવામાં આવશે. આ ત્યારે જ થશે જ્યારે યુગલ માનશે કે તેમનો સંબંધ લાંબો ચાલવાનો છે.પ્રથમ તબક્કા માટે એક ઓનલાઈન પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે, જ્યાં લોકો પોતાની માહિતી જાતે ભરી શકશે. તેમની મદદ માટે આ પોર્ટલ પર હ્લછરૂ (વારંવાર પૂછાતા પ્રશ્નો) પણ આપવામાં આવ્યા છે.

આ તબક્કો ‘હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ વસ્તી ગણતરી’ કહેવાય છે. તેનો હેતુ દેશમાં ઘરો અને મૂળભૂત સુવિધાઓની માહિતી એકત્રિત કરવાનો છે, જેથી સરકાર વધુ સારી યોજનાઓ બનાવી શકે. બીજા તબક્કામાં વસ્તી સંબંધિત વિગતવાર માહિતી લેવામાં આવશે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણ કહે છે, ‘વસ્તી ગણતરીની સંદર્ભ તારીખ (રેફરન્સ ડેટ) ખૂબ જ મહત્વપૂર્ણ છે. સંદર્ભ સમય ૧ માર્ચની મધ્યરાત્રિ છે, જે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ અને ૧ માર્ચ ૨૦૨૭ ની વચ્ચે આવે છે. આ સંદર્ભ તારીખનો ઉલ્લેખ ૧૬ જૂન ૨૦૨૫ ના રોજ જાહેર કરાયેલી પ્રથમ અધિસૂચનામાં કરવામાં આવ્યો હતો, જેમાં વસ્તી ગણતરી કરાવવાના ઈરાદાની ઘોષણા કરવામાં આવી હતી. આ જ સંદર્ભ તારીખને કારણે તેને વસ્તી ગણતરી ૨૦૨૭ કહેવામાં આવે છે.

૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ અધિસૂચના પ્રકાશિત થયા પછી પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી, પરંતુ સંદર્ભ તારીખ ૧ માર્ચ ૨૦૨૭ જ યથાવત છે. વસ્તી ગણતરીના પરિણામોથી દરેક વહીવટી એકમ, રાજ્ય, જિલ્લા, ગામ અને વોર્ડની વસ્તી અને વિવિધ આંકડાઓની એક ઝલક મળશે.

## તંત્રી લેખ....

# ભારતીયોના દાવાઓમાં વધારા બાદ કેનેડાએ આશ્રય નિયમો કડક કર્યા

છેલ્લા કેટલાક વર્ષોમાં શરણાર્થી દાવાઓમાં વધારો થયો છે, જેમાં ભારતીય નાગરિકો તરફથી તીવ્ર વધારો પણ સામેલ છે, તે વચ્ચે કેનેડાની આશ્રય પ્રણાલીના દુરુપયોગને રોકવા માટે એક નવો કાયદો અમલમાં આવ્યો છે.

બિલ ઝ-૧૨, સ્ટ્રેન્થનિંગ કેનેડાઝ ઈમિગ્રેશન સિસ્ટમ એન્ડ બોર્ડર્સ એક્ટ, ગયા અઠવાડિયે કાયદો બન્યો.

તેની મુખ્ય જોગવાઈઓમાંની એક નવા પાત્રતા નિયમો રજૂ કરે છેઃ ૨૪ જૂન, ૨૦૨૦ થી આગમન પછી - કેનેડામાં પ્રવેશ્યા પછી એક વર્ષ કરતાં વધુ સમય પછી દાખલ કરાયેલા આશ્રય દાવાઓ હવે ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજીસ બોર્ડ ઓફ કેનેડા (ઈમ) ને મોકલવામાં આવશે નહીં. આ અરજદારોની શરણાર્થી દરજ્જો મેળવવાની શક્યતાઓને નોંધપાત્ર રીતે ઘટાડે છે.જોકે, આવા વ્યક્તિઓ હજુ પણ ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (ઈઝઝ) દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રી-રિમૂવલ રિસ્ક એસેસમેન્ટ (ઈઈછ) માટે પાત્ર રહેશે જેથી ખાતરી કરી શકાય કે તેઓ એવા દેશોમાં પાછા ન ફરે જ્યાં તેમને સતાવણી, ત્રાસ અથવા અન્ય ગંભીર નુકસાનનો સામનો કરવો પડી શકે.

કાયદાની જાહેરાત કરતા, ઈઝઝ એ જણાવ્યું હતું કે આ પગલાં ×આશ્રય પ્રણાલી પર દબાણ ઘટાડશે, દાવાઓમાં અચાનક વધારા સામે રક્ષણ આપશે, છટકબારીઓ બંધ કરશે અને લોકોને નિયમિત ઈમિગ્રેશન માર્ગોના શોર્ટકટ તરીકે આશ્રયનો ઉપયોગ કરતા અટકાવશે.

# આસામ વિધાનસભા ચૂંટણીઃ અમિત શાહે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાની હાકલ કરી

ગુવાહાટી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કહ્યું હતું કે, છેલ્લા એક દાયકામાં આસામમાં ઘૂસણખોરી પર કાબુ મેળવ્યો છે, છતાં હજુ પણ કડક કાર્યવાહીની જરૂર છે. તેમણે ભાર મૂક્યો કે બધા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખીને તેમના દેશોમાં પાછા મોકલવા જોઈએ. સોનિતપુર જિલ્લાના ઢેકિયાજુલીમાં એક ચૂંટણી રેલીમાં બોલતા શાહે કહ્યું કે ઘૂસણખોરીનો મુદ્દો ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે મતદારોને આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ટેકો આપવા વિનંતી કરી, એમ કહીને કે રાજ્યમાં સુરક્ષા અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસો જરૂરી છે.

×આસામમાં ૧૧ દિવસમાં, ૯મી તારીખે ચૂંટણી યોજાવાની છે... એવું ન વિચારો કે તમે હિમંત બિસ્વા શર્માને ફરી એકવાર મુખ્યમંત્રી બનાવવા માટે મત આપશો. તમારે આસામને ઘૂસણખોરોથી મુક્ત બનાવવા માટે મતદાન કરવું જોઈએ. તમારે શાંતિપૂર્ણ અને વિકસિત આસામ બનાવવા માટે મતદાન કરવું જોઈએ...

# જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો ૨૬૬૪મો જન્મ દિવસ આજે ૩૧મી માર્ચે ઉજવાશે

ચૈત્ર માસએ દૈવિક શકિત પૂજા આરાધના સાથે દિવ્યાત્માઓનો અવતારી માસ ગણાય છે. ભગવાન શ્રી રામ,મહાવીરસ્વામી હનુમાનજી મહારાજ આ માસ માં મનુષ્યરૂપે અવતર્યા હતા. આપણે ચૈત્રી તેરસ એટલે કે ચૈત્ર સુદ તેરસ ૩૧મી માર્ચ ૨૦૨૬ને મંગળવારના ભગવાન શ્રી મહા વીર સ્વામીનો ૨૬૬૪મો જન્મ દિવસ એટલે મહાવીર જયંતીએ વિશેષ ચિંતન કરીએ.ઘર ઘર મા આનંદ છવાયોપપ્રભુનો જન્મ મહોત્સવ આવ્યો રે..

“ઈક જન્મ્યો રાજ દૂલારો.દુનિયા નો તારણહારો। ‘વર્ધમાન ‘નુ નામ ધરીને પ્રગટ્યો તેજ સિતારો

ભગવાન શ્રી મહાવીર જે ગત. ૨૬માં ભવમાં ઊર્ધ્વાકાશમાં અસંખ્ય ગાઉ દૂર વૈમાનિક નિકાયના ‘પ્રાણત’ કલ્પમાં દેવ તરીકે હતા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતા ૨૭માં ભવમાં ભારતની પૂર્વદિશામાં આવેલી વૈશાલી નગરીના ઉપનગર બ્રાહ્મણકુંડના બ્રાહ્મણ ઋષભદત્તની પત્ની દેવાનંદાની કુક્ષિમાં ગર્ભરૂપે જન્મ લેવા અવતર્યા.પૂર્વે કરેલા કુળના અભિમાનના કારણે તેઓને બ્રાહ્મણકુળમાં અવતરવું પડયું. મહાવીર માટે આ નિયમથી વિરુદ્ધ ઘટના બની. તીર્થંકરો જેવી વ્યકિતઓ માટે નિયમ એવો છે કે અંતિમ ભવમાં ઉચ્ચ ગણાતા ક્ષત્રિયાદિ જાતિકુળ વંશમાં જ જન્મ લે. દેવલોકના ઈન્દ્રએ અવધિજ્ઞાનથી આ ઘટના ને જોતા તેઓએ ક્ષત્રિયકુળનું યોગ્ય સ્થાન નક્કી કરી.

હરિણૈગમેષી દેવ દ્વારા ગર્ભ પરાવર્તનનો આદેશ આપી દેવા નંદાની કુક્ષિમાંથી ભગવાનના ગર્ભને ક્ષત્રિયકુંડ ગામના રાજા સિદ્ધાર્થની પત્ની ક્ષત્રિયાણી ત્રિશલાની કુક્ષિમાં સ્થાપિત કર્યો. આને ગર્ભાપહરણની ઘટના કહેવામાં આવે છે.કરોડો વર્ષે બનતી આ એક આશ્ચર્યજનક ઘટના છે. ત્રિશલારાણીનાગર્ભમાં સ્થાપિત થયા બાદ માતાત્રિશલા મધ્યરાત્રિએ ચૌદ મહાસ્વપ્નો જુએ છે. તેનો ફળાદેશ એ હતો કે તેઓ તીર્થંકર જેવા મહાપુરુષ ની માતા બનવાના છે અને આમ તેઓ‘વિશ્વમાતા’નું બિરુદ’પામ્યાં

જન્મ કલ્યાણકઃ વિ.સંવત ૫૮૦ અને ઇ.સ. પૂર્વે ૬૩૬ વર્ષની ચૈત્ર સુદ ૧૩(તેરસ)ની મધ્યરાત્રિએ નવ મહિના અને સાડા સાત દિવસ વીત્યા બાદ વિશ્વોદ્ધારક ભગવાન મહાવીરનો જન્મ થયો.

ત્રણે લોકમાં(સ્વર્ગ,પાતાળ,મૃત્યુ) દિવ્ય પ્રકાશ પથરાઇ ગયો. દેવ દેવીઓએ મહોત્સવ કરી ગુણ ગાનથી સ્તવના કરી ભગવાનને મેરુપર્વત પર લાવીને સ્નાના ભિષેક કર્યો. ત્યાર પછી માતા પિતાએ જન્મોત્સવ ઊજવ્યો. સર્વત્ર ધનધાન્યની વૃદ્ધિ થવાથી ગુણનિષ્પન નામ ‘વર્ધમાન’ રાખવામાં આવ્યું.બાળ વર્ધમાન ની નિર્ભયતા અને નીડરતાના અનેક પ્રસંગોએ પ્રભુ વર્ધમાનને લોકો ‘મહાવીર’ કહેવા લાગ્યા.જ્ઞાન બિમલ ગુરુ વયણે આજે, ગુણ તમારા ગાવે હરખેપ.થઈ સુકાની તુ પ્રભુ આવે , ભવજલ નૈય્યા પાર લગાવેપ.

ચૈત્ર માસના શુક્લ પક્ષની તેરસે મહાવીર જયંતિ ઉજવવા માં



આવે છે.જૈન ધર્મના આદર ણીય ભગવાન મહાવીરનો જન્મ દિવસ આજે ૩૧મી માર્ચ-૨૬ મંગળવારે ઉજવવામાં આવશે જૈન ધર્મના લોકો મહાવીર જયંતિની ખૂબ જ ઉત્સાહથી ઉજવણી કરે છે. જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ ૫૯૯ ઈસ પૂર્વે બિહારના કુંડલપુરના રાજવી પરિવારમાં થયો હતો. તેમની માતાનું નામ ત્રિશલા અને પિતાનું નામ સિદ્ધાર્થ હતું. ભગવાન મહાવીરનું બાળપણનું નામ વર્ધમાન હતું.ત્રીસ વર્ષની ઉંમરે તેમને આધ્યાત્મિકતા તરફ ઝુકાવ થયો.તેમણે રાજમહેલ છોડી દીધો અને તપસ્યા કરવા લાગ્યા અને પોતાની ઈન્દ્રિયો પર વિજય મેળવ્યા પછી જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર બન્યા. આજે ભગવાન મહાવીરની જન્મજયંતિ દેશભરમાં ઉજવાય રહી છે. દર વર્ષે, ચૈત્ર માસના શુક્લ પક્ષની ત્રયોદશી તેરસ તિથિના મહાવીર જયંતિની ઉજવણી કરવામાં આવે છે,જે એકત્રીસ માર્ચ ૨૦૨૬ને મંગળ વારના રોજ છે.ભગવાન મહા વીરને વીર,વર્ધમાન,આત્વીર અને સનમતીના નામથી પણ ઓળખવામાં આવે છે. તેમણે પોતાના જીવનમાં તપ અને ધ્યાન દ્વારા નવા ઉદાહરણ સ્થાપિત કર્યા. તેમણે જૈન સમુદાયાના અનુયાયીઓ માટે પાંચ સિદ્ધાંત કે પાંચ પ્રતિજ્ઞા બતાવી છીએ.જેને દરેકે અનુસરવું જોઈએ. આજે મહાવીર જયંતિ નિમિત્તે આવો જાણીએ ભગવાન મહાવીરના જન્મ, જીવન અને ઉપદેશો વિશે.ભગવાન મહાવીર જૈન ધર્મના ચોવીસમા અને છેલ્લા તીર્થંકર હતા. તેનો જન્મ ૫૯૯ ઈસા પૂર્વ બિહારમાં લિચ્છવી રાજવંશના વૈશાલીના કીચલ પુરમાં થયો હતો. તેમના પિતા મહારાજ સિદ્ધાર્થ અને માતા મહારાણી ત્રિશલા હતા. તેમના બાળપણનું નામ વર્ધમાન હતું. એમ કહેવામાં આવે છે કે તેમના જન્મ પછી રાજયનો ઝડપથી વિકાસ થયો, જેના કારણે તેનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. જૈન ધર્મના અનુયાયીઓ માને છે કે ભગવાન મહાવીરે બાર વર્ષ સુધી કઠોર તપસ્યા કરી હતી અને તેમણે ઈન્દ્રિયને વશમાં કરી હતી,જેના કારણે તેમને જિન નામ પણ આપવામાં આવ્યું હતું.

ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો ભગવાન મહાવીરે જૈન ધર્મના અનુયાયીઓને પાંચ પાંચ સિદ્ધાંતો આપ્યા હતા.

તે પાંચ વ્રતોનું પાલન કરવું જોઈએ. આ વ્યક્તિને આંતરિક શાંતિ આપે છે.ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો આ પ્રમણે છે અહિંસાઃ બધા જીવના જીવનું રક્ષણ કરો. કોઈએ હિંસા ન કરવી જોઈએ. જો તમને કોઈ પ્રત્યે હિંસાની લાગણી હોય અથવા એવું લાગે છે, તે પણ એક પ્રકારની હિંસા છે. હિંસાને કારણે તમે હંમેશાં ટેન્શનમાં રહેશો. અહિંસાની ભાવના તમને આંતરિક શાંતિ આપશે.

સત્યઃ પરિસ્થિતિ ગમે તે હોઈ શકે તે હંમેશાં સાચું બોલો.બચો. અસ્તેયાઃચોરી ન કરો. અને આવા કર્મોથી

બ્રહ્મચર્યઃવ્યભિચાર ન કરો, એટલે કે તમારી ઈન્દ્રિયોને કાબૂ માં રાખો.બ્રહ્મચર્યનુ પાલન કરવાથી વ્યક્તિને દર્શન, જ્ઞાન, તપસ્યા, ઉત્તમ ચરિત્ર, સંયમ અને વિનય જેવા ગુણો ગુણો પ્રાપ્ત થાય છે. જેઓ મહિલાઓ સાથે સંબંધ નથી રાખતા તેઓ મોક્ષ તરફ જાય છે.

અપરિગ્રહઃ પરિગ્રહ એટલે આસક્તિ.જરૂરિયાતથી વધુ વસ્તુઓ એકત્રિત કરશો નહીં. વધુ વસ્તુઓનો સંગ્રહ કરવાથી તનાવ થાય છે.અપરિગ્રહથી તમે તનાવથી મુક્ત રહેશો. વસ્તુઓ ખોવાય ત્યારે તેના પ્રત્યેનો મોહ તમારા દુખનુ કારણ બને છે, તેથી અપરિગ્રહના સિદ્ધાંતનુ પાલન કરો.એકત્રીસમી માર્ચ મંગળવારે મહાવીર જયંતિ મનાવવામાં આવશે. હવામાનમાં અવાર નવાર પલટા ઓચિંતા ફેરફાર વચ્ચે મહાવીર સ્વામીનો ૨૬૬૪મો જન્મ દિવસ મહાવીર જયંતી તરીકે હર્ષોલ્લાસથી ઉજવવામાં આવશે.સૌ ભગવાન મહાવીર સ્વામી એ બતાવેલા ઉમદા માર્ગ પર ચાલી જીવનમાં સુખ શાંતિ સમૃદ્ધિ મેળવી છેલ્લે એજ નિર્ભયપણે તેના શ્રીચરણો માં જઈ મોક્ષ પ્રાપ્તિ કરીએ.સૌને ભગવાન મહાવીર સ્વામીના જન્મ દિવસની શુભેચ્છાઓ. સૌનું કલ્યાણ થાઓ.. અહીસા પરમો ધર્મ.. ઈરાન ઈઝરાઈલ અમેરિકા ના યુદ્ધ વચ્ચે આપણે જીવો અને જીવવા દો ની ઉમદા ભાવના કેળવીએ.

(યશપાલસિંહ ટી વાઘેલા થરા. બ.કા)

# ગાંધીનગરના જિલ્લા કલેક્ટર તરીકે વિધિવત પદભાર સંભાળતા શ્રી રવિન્દ્ર ખટાલે



ગાંધીનગર તા.૩૦ માર્ચ- ગાંધીનગર જિલ્લાના નવા કલેક્ટર તરીકે શ્રી રવિન્દ્ર ખટાલે (છજી, ૨૦૧૬ બેચ) એ આજે વિધિવત રીતે કાર્યભાર સંભાળી લીધો છે. ગાંધીનગર કલેક્ટર શ્રી તરીકે જોડાયા પહેલા તેઓ મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનર તરીકે સેવા આપી રહ્યા હતા.

નવ નિયુક્ત કલેક્ટર શ્રી રવિન્દ્ર ખટાલેનું ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.એન.વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.પટેલ, પોલીસ અધિક્ષક શ્રી રવિ તેજા વાસમ શેટ્ટી, પ્રાંત અધિકારીશ્રીઓ તથા અન્ય અધિકારીઓ દ્વારા પુષ્પગુચ્છ આપી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી ગાંધીનગર કલેક્ટરનો વધારાનો હવાલો સંભાળતા શ્રી જે.એન. વાઘેલાને આ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

# પાટણ LCB PI , યુનિવર્સિટી કુલપતિએ પદ્મનાભ મંદિરે દર્શન કર્યા ટ્રસ્ટ અને સમાજ શ્રેષ્ઠીઓએ બંને મહાનુભાવોનું સન્માન કર્યું

પાટણ LCB રાકેશભાઈ ઉનાગર અને પાટણ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કે.સી. પોરિયાએ શ્રી પદ્મનાભ ભગવાન, શ્રી ગોપેશ્વર મહાદેવ અને શ્રી સમેળા માતાજી મંદિર પરિસરની મુલાકાત લીધી હતી. તેઓએ સાંધ્ય આરતીમાં ભાગ લઈને દર્શનનો લાભલીધો હતો.પ્રજાપતિ સમાજના ઈષ્ટદેવના મંદિરે પધારેલા આ બંને મહાનુભાવોને શ્રી પદ્મનાભ મંદિર ટ્રસ્ટ અને ભક્તો દ્વારા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમની પ્રશંસનીય કામગીરી બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી પદ્મનાભ મંદિર ટ્રસ્ટના પ્રમુખ ટ્રસ્ટી યશપાલ સ્વામી, મંત્રી કલ્પેશ સ્વામી સહિત સમાજ આગેવાનો શાંતિભાઈ સ્વામી, કમલેશ સ્વામી, સચિન પ્રજાપતિ, રાજુભાઈ (ખન્નાભાઈ) અને નગરસેવિકા પ્રવિણાબેન મુકેશભાઈ પ્રજાપતિ સહિતના ભક્તો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને બુકે, શાલ અને ભગવાનના પ્રસાદ સ્વરૂપ રેવડી અર્પણ કરીને સન્માનિત કરાયા હતા

યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કે.સી. પોરિયાએ પોતાના સન્માનના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે, સમયની સાથે સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચું આવી રહ્યું છે અને સમાજ સંગઠનની ભાવના પણ મજબૂત બની રહી છે.


માટી સાથે જોડાયેલા સમાજ દ્વારા વ્યક્તિ વિશેષોનું સન્માન કરીને જે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે તે ખરેખર



વંદનીય છે.

પાટણ ન્ઝ્મ રાકેશભાઈ ઉનાગરે પણ પાટણમાં તેમની સવા ચાર વર્ષથી વધુની ફરજ દરમિયાન સમાજના લોકો તરફથી મળેલા પ્રેમ અને સહકાર બદલ લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પોતાના સન્માન બદલ સૌનો આભાર માન્યો હતો.

# અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભા ભવનમાં સંત સુંદરદાસજી મહારાજની ૪૩૦મી જન્મજયંતિની ઉજવણી




જયપુરના શાસ્ત્રી નગરમાં અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભા ભવનમાં સમુદાયના રાષ્ટ્રીય સંત સુંદરદાસ જી મહારાજની ૪૩૦મી જન્મજયંતિ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવી હતી. મહાસભા ભવનની અંદર આવેલા સંત સુંદરદાસ જી બલરામદાસ જી મંદિરને ફૂલોના હારથી શણગારવામાં આવ્યું હતું અને આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રમેશ ચંદ્ર ગુપ્તા તુંગાવાલા, મુખ્ય કાર્યકારી પ્રમુખ શ્રી સંજીવ કુમાર કટ્ટા, લાઈફ પેટ્રોન્સ, શ્રી ગોવિંદ જી ધામાણી, શ્રી લલ્લુ રામ જી મોદી, શ્રી હનુમાન સહાય જી ઓધ, શ્રી ક્રિષ્ના મોહન જીવાલ અને શ્રી કૃષ્ણ કોવાલ જીવાલ, શ્રી કૃષ્ણા જી, સુકાન ખાન વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાસભા મેગેઝિન ઈન્ચાર્જ, શ્રી રામ સ્વરૂપ તાંબી, સહ-ઈન્ચાર્જ, શ્રી રામ બાબુ ગુપ્તા, મુખ્ય સંપાદક, શ્રી રામ નિરંજન ખુટેંટા, રાષ્ટ્રીય પ્રવક્તા અને મીડિયા ઈન્ચાર્જ, પ્રોફેસર રમેશ કુમાર રાવત, ગંગટોક, અને અનેક સમિતિઓના સંયોજકો અને કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. ઉપસ્થિત તમામ સમુદાયના સભ્યોએ સંત સુંદરદાસજી (વિક્રમ સંવત ૧૬૫૩-વિક્રમ સંવત ૧૭૪૬) ને ભક્તિ કાળના મહાન સંત કવિ તરીકે ચર્ચા કરી અને કહ્યું કે તેમની વિદ્વતાને કારણે તેમને હિન્દી સાહિત્યના શંકરાચાર્ય કહેવામાં આવે છે.




**કુ.ચી.શ્રેયા સૌરભકુમાર પંડ્યા કેનેડાના જન્મદિવસની ખુશાલીમાં તા.૩૦ માર્ચ ૨૦૨૬ સોમવાર સવારે ૧૧:૦૦ વાગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ તરફથી મ્યુન્સિપાલટી આંગણવાડી ઉસ્માનપુરાના નાના બાળકો ભૂલકા માટે સુંદર વેશભૂષા હરિફાઈ તથા સ્વચ્છ સુઘડ તંદુરસ્ત બાળક હરીફાઈ તથા દાંતની સંભાળ વિશે માર્ગદર્શન અને નાનાભૂલકાઓને**

**નાસ્તો અને સુંદર ગિફ્ટ આપવાના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી પ્રદીપભાઈ દવે,મૂકેશભાઈ મિસ્ત્રી ઈઠમ્યુ.કોર્પોરેટર એસ.પી.સ્ટેડિયમ વોર્ડ પધાર્યા હતા.અતિથી વિશેષ ગાયત્રીપરિવાર નારણપુરાના શ્રી કનુભાઈ પટેલે કુ.ચી.શ્રેયા સૌરભ કુમાર પંડ્યાના જન્મદિવસ પ્રસંગે આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવીને બાળકોને સારા સંસ્કાર અને ધાર્મિક એકિટવિટી વિશે માર્ગદર્શન સૂચના આપી હતી.**

# ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે પીસી પીએનડીટી સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

જિલ્લા પંચાયત ગાંધીનગર ખાતે પીસીપીએનડીટીની સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લાની રજીસ્ટર થયેલ હોસ્પિટલની ચકાસણી તથા નવા રજીસ્ટ્રેશનની અરજીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં મોટા ચિલોડા, કલોલ અને ઝુંડાલ ખાતેની હોસ્પિટલોની આવેલી નવી અરજીઓ અંતર્ગત ઉપલબ્ધ સુવિધાઓ, તેના માળખા અને અન્ય રજીસ્ટ્રેશન પ્રોસેસ વિશે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ જિલ્લાના માણસા, કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકામાં રજીસ્ટર્ડ તમામ હોસ્પિટલ, ક્લિનિક અને સોનોગ્રાફી સેન્ટરની ચકાસણી પૂર્ણ કરવામાં આવેલ છે તેમ જણાવવામાં આવ્યું હતું.

આ તકે, મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી ગાંધીનગર દ્વારા સોનોગ્રાફી ક્લિનિકની ચકાસણી ઓછી કરવામાં આવેલ હોઈ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી વૈષ્ણવએ બાકી તમામ કલીનિકની તપાસ સત્વરે પૂર્ણ કરવા તાકીદ કરી હતી. સલાહકાર સમિતિની આ બેઠકમાં સી.ડી.એચ.ઓ., ટી.એચ.ઓ, સિવિલ હોસ્પિટલના તબીબો તથા અન્ય સંકલિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 371.**
વિષયઃ- "યુદ્ધ"
શીર્ષકઃ-જીવનસફર
પ્રકારઃ-અછાંદસ
શબ્દ સંખ્યાઃ- ૯૨

આવો આજે આપણે કરીએ વાત એક અનોખા યુદ્ધની,
ન અસ્ત્ર ન શસ્ત્ર ન કોઈ સેના સૈનિકો કે રણમેદાન છે.

આ વાત છે આજના જીવનરૂપી સફરમાં ખેલાતા યુદ્ધની,
રોજેરોજ અનેક સળગતા પ્રશ્નો સામે આવી ઊભા હોય છે.

આપણા વેરી બને જ્યાં કેમ માંડવી ચોપાટો ત્યાં યુદ્ધની,
મો પર મીઠું બોલીને આપણી પીઠ પર ઘા કરનારા છે.

સતત આ જીવનરાહ પર વ્યુહરચના બદલાય છે યુદ્ધની,
શાંતિથી જીવન જીવવું એ પણ હવે દોહ્યલું થતું જાય છે.

કહે ચાંદની જીવોને બીજાને જીવવા દો રાહ છોડો યુદ્ધની,
સાથે કઈ ન આવશે આ સઘળું છોડીને ચાલ્યા જવાનું છે.

ડો ભાવના એન જોષી ‘‘ચાંદની’’ વડોદરા
★★★★★★

**NOG SS No. 378**
વિષય : યુદ્ધ
પ્રકારઃ પદ્ય-છાંદસ
★શીર્ષકઃ "યુદ્ધનો ઉન્માદ"
શબ્દ સંખ્યાઃ૬૧

યુદ્ધની ભાષા મને સમજાય ના,
રાહ એવો એમ અપનાવાય ના.

માનવી કેવા વગર વાંકે મરે,
માણસાઈ એમ રગદોળાય ના.

યુદ્ધનો ઉન્માદ પણ શું કામનો,
યુદ્ધ ખોટા એમ પણ ખેલાય ના.

છે વિનાશકતા બધાયે યુદ્ધમાં,
એમ માનવતા કદી રોળાય ના.

આ દીવાલો છે બધી નફરત ભરી,
યુદ્ધથી પરછમ કદી લહેરાય ના.

ક્યાં ભલું પણ થાય છે યુદ્ધમાં,
એટલો પણ કહેર વર્તાવાય ના.

રમેશ શર્મા 'વ્યોમ'
અમદાવાદ
★★★★★★

**Nog SSO no: 229**
વિષયઃ યુદ્ધ
શીર્ષક : વિવેકબુદ્ધિવિહિન આચારવિચારો સૌને સંહારે
પ્રકારઃપદ્ય. શબ્દો -૩૫૦

અનાદિકાળથી સૃષ્ટિના સર્જન કર્યું ત્યારથી ઈશ્વરે માનવીને અનેકગણી મહત્વની ભેટસોગાદો સાથે વિવેકબુદ્ધિની જીવનસંવર્ધક સંજીવની આપેલી છે. પરમ સુખશાંતિ માટે જીવનમાં અનેક યુદ્ધ કરવા પડે છે. ક્યારેક યુધ્ધો સ્વરચિત સ્વાર્થી નકારાત્મક હેતુઓ સિદ્ધ કરવા માટે પારકીબુદ્ધિએ વગેરવિચાર્યે લડાઈનું રણશિંગુ ફૂંકે છે.

સ્વના અસ્તિત્વની ટકાવવા અને સત્યને પ્રકાશમાં લાવી સૌના ન્યાયિત હક્કોની રક્ષા અર્થે અર્જુનને પણ મહાભારતમાં યુદ્ધના ગાંધીનો ટંકાર કરવો પડ્યો હતો. સૈકાઓથી " જર જમીન અને જોરુ એ ત્રણ કજીયાના છોરું"ની કહેવત પ્રમાણે કજીયાકંટાસ વકતા નાનામોટા ઝગડાઓ થયા છે.પરંતુ નકારાત્મક વિચારધારાઓના દુષ્પ્રભાવથી સ્વાર્થી , લોભીલંપટ, અન્યાયી અવિવેકી પ્રભાવથી અનાચારીઓના પ્રકોપો વધતા જાય છે.

દરેક દેશના નાગરિકો વચ્ચે પ્રેમાળ સંબંધો,ધર્મસહિષ્ણુતતા અને માનવીયલાગણીઓમાં વધારો થાય તેવા કાર્યો દરેકે કરવા જોઈએ. હિન્દુઓની શ્રીમદ્ ભગવદગીતા, મુસ્લિમોના કુરાન, ઈસુખ્રિસ્તનું બાઈબલ,શીખોના ગુરુનાનકસાહેબ ગ્રંથો કે જૈનોના નવકારમંત્ર ક્યારેય સૃષ્ટિનો સંહાર કરવાની સલાહ આપતા નથી. માત્ર પારસ્પરિક ભાઈચારા માટે સંદેશ આપે છે.

ભૂતકાળમાં વિશ્વયુદ્ધ દરમિયાન જાપાન પર ત્રાટકેલા અણુબોમ્બોની વિઘાતક અસરોને કારણે હજુ સુધી જાપાની નવજાત શિશુઓ હેરાન થાય છે.જાપાની શિશુઓ વગરવાંકે ખોડખાંપણવાળું જીવન જીવવા માટે વર્તમાનમાં પણ મજબૂર રહે છે . માનવીના રાક્ષસી વિચારો માટે તેના વિકૃત વૃત્તિપ્રવૃત્તિઓ સંહારક ભાગ ભજવીને પાશવી અનાચારો કરાવે છે.

એકંદરે પુરુષોના અહમ અને સ્ત્રીની ઈર્ષા માનવીઓમાં અનાચારો વધારે છે. તેનાથી સુદ્રઢ સામાજિક સંબંધોને વિનાશીને વિકૃત સમાજસંસ્કૃતિ તરફ ખેંચી જાય છે. વિશ્વમાં સત્તાલોભી, સ્વાર્થી અને નકારાત્મક શક્તિઓનો અયોગ્ય રીતે પ્રયોગ કરનારાઓ નરાધમો વિશ્વયુદ્ધમાં લાશોના ઢગલા સાથે દુનિયાની શાંતિ સંહારે છે. રામરાજ્યના આદર્શવાદી વિચારો વાળા પ્રગતિશીલ વિશ્વની કલ્પના સાકાર કરવા માટે દરેકે પોતાની જીવનશૈલીમાં સકારાત્મક આચારવિચારો કરવા જોઈએ.

" સૌનો સાથ સૌના વિકાસ"ની ભાવના મૂર્તિમંત કરવી પડશે. આતંકવાદીઓની જેમ સ્વાર્થી ન બનતા દેશદુનિયાના માનવીઓ વચ્ચે પ્રેમાળ પરમાર્થી ક્રાંતિ લાવીને વિશ્વયુદ્ધ અટકાવું જોઈશે. "જીવો અને જીવવાદો"ની નીતિ અપનાવી સમગ્ર માનવજાત અને સજીવ સૃષ્ટિનું કલ્યાણ કરવું જોઈએ.માનવીના સ્વાર્થી મનમાં કુપમંડુક વૃત્તિનો વિનાશક પ્રભાવ વધતા તેના અભિમાન,લોભ અને વિનાશાત્મક કુકર્મો વધતાં જાય છે.

રાવણે પોતાની અમાપ શક્તિભક્તિ ને કુમાર્ગે વાપરી સીતાજીનું હરણ કરી રામ જોડે યુદ્ધ કર્યું હતું. જેમાં ૧૦ માથન માથાં હોવાછતાં રાવણે યુદ્ધમાં પરાજિત થઈ સોનાની લંકાનો પણ વિનાશ કરેલો. "ખાડો ખોદે તે પડે" ની કહેવત અનુસાર અન્યાયી, નિતિવિહીન અને અમાનુશી વૃતિપ્રવૃત્તિના ચાહકો વિવેકબુદ્ધિ ભૂલી વિવિધ અનર્થો કરે છે જેથી સત્કાર્યોથી "વસુધૈવ કુટુંબકમ"ની ભાવના મૂર્તિમંત કરવી.

◦ "પ્રપાશી" પરેશ મ. પાઠક ( કેનેડા )
★★★★★★

**NOG SS no 387**
વિષયઃ યુધ્ધ
શિર્ષકઃ "યુધ્ધાય કૃત નિશ્ર્ચય..."
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ૨૩૬

ઈતિહાસ પર એક નજર કરીએ તો એક વાત સ્પષ્ટ સમજાય છે કે વિષ્ટી નાં ઘણા પ્રયાસો કર્યા પછી એ જ નિર્ણય પર આવવું પડે છે કે ,
"પાર્થે ને કહો ચડાવે બાણ હવે તો યુધ્ધ એજ કલ્યાણ "...
આપણે સૌ જાણીએ જ છીએ તે મુજબ એ યુધ્ધ શ્રી રામ -રાવણ ની વચ્ચે હોય કે પછી કૌરવો- પાંડવો વચ્ચે હોય કે બે રાષ્ટ્રો વચ્ચે નું હોય.
અરે! કોઈ નિર્દોષ વ્યક્તિ ને કેદી નું લેબલ મારી કારાવાસ ની કપરી યાતનાઓ ભોગવવી પડે છે, ત્યારે તેણે સિસ્ટમ સામે, સ્વયં ની જીંદગી સાથે પણ યુધ્ધ લડવું જ પડે છે.કોઈ પરિણિતા પાસે ૨૦ વર્ષે ૪૦ વર્ષેની સમજણ ની અપેક્ષા રાખનારા વિચિત્ર સાસરીયા માં "જીવન સંગ્રામ" માં પોતાનું કેવી રીતે અસ્તિત્વ ટકાવી રાખવું એ મારા મતે એ ??યુધ્ધ જ કહેવાય. મારી જેમ મન (કર્મો)સાથે સમાધાની વલણ રાખી નિજાનંદ માં જીવવું તે પણ યુધ્ધ થી જરાય કમ ન કહેવાય
ઉપરોક્ત જણાવેલ દરેક યુધ્ધ માં બંને પક્ષે ખુવારી થાય છે.એક ની જીત તો કોઈ એક ની હાર નિશ્ચિત સ્વીકારવી પડે છે.છેવટે આતતાઈ ને હણી ને પોઝીટીવી માટે માટે ભાગે યુધ્ધ લડવા પડે છે.જગ હિતાર્થે વળી પ્રેય અને શ્રેય નો માર્ગ નક્કી કરી ને જ દરેક યુધ્ધ લડાયા છે કે જેમાં સત્ય નો વિજય થાય+ધર્મ નું રક્ષણ સ્થપાય.
માનવ યુધ્ધ ન કરતાં બુધ્ધ થાય, શુધ્ધ થાય, તો સમૃદ્ધ થઈ શકશે.
"બડી દેર ભઈ નંદલાલા,
તેરી રાહ તકે બ્રિજ બાલા..."
પુનિતા બેન -અમદાવાદ.
★★★★★★★

**NOG SS 321**
વિષય. યુદ્ધ
પ્રકાર .ગદ્ય શબ્દ ૩૪૬
શીર્ષકઃ યુદ્ધ – અંદરના અંધકાર સામેનો સંઘર્ષ

‘‘પાર્થ ને કહો ચડાવે બાણ હવે તો યુદ્ધ એજ એક પરિણામ’’ . આ વાક્ય માત્ર એક યુદ્ધની શરૂઆત નહીં, પરંતુ એક તત્વજ્ઞાનની શરૂઆત દર્શાવે છે. ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણએ અર્જુનને આપેલો આ ઉપદેશ એ સમયની જરૂરિયાત હતો, જ્યાં યુદ્ધ સત્ય અને અસત્ય, ધર્મ અને અધર્મ વચ્ચેનું હતું.
તે યુદ્ધમાં હથિયારો હતા, પણ તેનો હેતુ વિનાશ નહીં,ન્યાય હતો. ગીતા એ આપણને શીખવ્યું કે જ્યારે અયોગ્યતા સામે મૌન રહીએ, ત્યારે તે પણ એક પ્રકારનું અધર્મ છે. એટલે જ કૃષ્ણે અર્જુનને સમજાવ્યું કે ‘‘કર્મ કરવું જ જીવનનો ધર્મ છે,’’ અને જો તે કર્મ સત્ય માટે હોય, તો યુદ્ધ પણ પવિત્ર બની જાય છે.
પરંતુ આજના સમયમાં ‘‘યુદ્ધ’’ શબ્દનો અર્થ સંપૂર્ણ રીતે બદલાઈ ગયો છે. આજે યુદ્ધ એટલે બોમ્બ, ગોળીબાર, સત્તાની લાલસા અને માનવતાનો વિનાશ. જ્યાં એક સમય હતો કે યુદ્ધ ન્યાય માટે થતું હતું, ત્યાં હવે અનેક યુદ્ધો સ્વાર્થ અને અહંકાર માટે થાય છે. આ પરિસ્થિતિમાં પ્રશ્ન ઊભો થાય છે,શું આ જ તે માર્ગ છે જે માનવજાતને આગળ લઈ જશે?
આજની દુનિયામાં ટેકનોલોજી એટલી આગળ વધી ગઈ છે
આભાર - નિહારીકા રવિયા કે માણસ મંગળ ગ્રહ પર જીવન શોધવાની વાત કરે છે. પરંતુ જો આપણે આપણા સ્વભાવમાં કોઈ બદલાવ લાવ્યા વિના, એ જ અહંકાર, લોભ અને દ્વેષ સાથે નવા ગ્રહ પર જઈશું, તો ત્યાં પણ યુદ્ધ અને વિનાશ જ સર્જાશે. જગ્યા બદલવાથી માનવતા નથી બદલાતી; બદલાવ તો મનમાં લાવવો પડે.
સાચું યુદ્ધ હથિયારો વડે નહીં, પણ પોતાના અંદરના અંધકાર સામે લડવાનું છે. જ્યારે માણસ પોતાના અહંકારને હરાવે, પોતાના સ્વાર્થને છોડે અને માનવતાને અપનાવે,ત્યારે જ સાચી જીત થાય છે. આ જ ગીતા નો મૂળ સંદેશ છે કે ‘‘જીત બહાર નહીં, અંદર છે.’’
આજના સમયમાં જરૂર છે કે આપણે યુદ્ધની વ્યાખ્યા ફરીથી સમજીયે. યુદ્ધ એ વિનાશ નહીં, પણ સંસ્કાર અને સંયમનું પ્રતિક બનવું જોઈએ. જો દરેક માણસ પોતાના અંદરના દુર્ગુણો સામે લડે, તો દુનિયામાં શાંતિ આપોઆપ ફેલાઈ જશે.
‘‘જો મનમાં શાંતિ હશે, તો જગતમાં યુદ્ધ નહીં થાય,
અને જો મનમાં જ યુદ્ધ હોય, તો કોઈ જગ્યા સુરક્ષિત નહીં રહે.’’
આ વાત આપણને યાદ અપાવે છે કે પૃથ્વી પર રહેવું કે મંગળ પર જવું મહત્વનું નથી,મહત્વનું એ છે કે આપણે આપણા મનને કેટલું શુદ્ધ બનાવી શકીએ છીએ.
??? સુચિતા રાવલ
ગાંધીનગર
★★★★★★★

**NOG SS NO : 003**
વિષય : યુદ્ધ
શીર્ષકઃ યુદ્ધ – માનવતાનો સંઘર્ષ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૧૯

યુદ્ધ, માત્ર શસ્ત્રોનો ટકરાવ નથી; તે માનવતાના આંતરિક સંઘર્ષનું પ્રતિક છે. જ્યારે માનવી પોતાની અહંકાર, લાલચ અને સત્તાની ભૂખમાં અંધ બની જાય છે, ત્યારે યુદ્ધનો જન્મ થાય છે. શાંતિના મીઠા સ્વપ્નોને તોડી નાખતા આ યુદ્ધો, ધરતીને રક્તરંજિત કરી નાખે છે અને માનવ જીવનને અંધકારમાં ધકેલી દે છે.

યુદ્ધમાં વિજય અને પરાજયના શબ્દો તો માત્ર ઔપચારિકતા છે, કારણ કે હકીકતમાં હાર તો માનવતાની જ થાય છે. એક તરફ સૈનિકો પોતાના દેશ માટે શૌર્ય દર્શાવે છે, તો બીજી તરફ તેમના પરિવારજનો વિયોગની આગમાં સળગતા રહે છે. માતાના આંસુઓ, પત્નીની રાહ જોતી આંખો અને બાળકોના અધૂરા સ્વપ્નો – આ બધું યુદ્ધની કરુણ સાક્ષી બની રહે છે.

યુદ્ધનો અંત ભલે શાંતિના કરારથી થાય, પરંતુ તેના ઘાવો સમય સાથે પણ પૂરેપૂરી રીતે ભરાતાં નથી. માનવ મનમાં રહેલી દ્વેષની જ્વાળા, ફરી એકવાર વિસ્ફોટ થવાની સંભાવના રાખે છે. તેથી, સાચી જીત ત્યારે જ શક્ય બને, જ્યારે માનવ હૃદયમાં પ્રેમ, સહાનુભૂતિ અને સમજૂતીના દીપ પ્રગટે.

આથી, માનવજાત માટે સાચી બુદ્ધિ એમાં છે કે તે યુદ્ધને ટાળે અને સંવાદ, સમજૂતી અને સહઅસ્તિત્વના માર્ગે આગળ વધે. કારણ કે, યુદ્ધ કોઈને જીતાડતું નથી – તે માત્ર માનવતાને હાર અપાવે છે.

અંતે, યુદ્ધ આપણને એક જ પાઠ શીખવે છે – કે શાંતિ એ સૌથી મોટું વિજય છે. જો માનવજાત આ સત્યને સમજી શકે, તો વિશ્વ એક સુખમય અને સમૃદ્ધ સ્થાન બની શકે છે, જ્યાં યુદ્ધના બદલે માનવતા અને પ્રેમનો રાજ હશે.

મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે (ગાંધીનગર)
★★★★★★

**NOG SS No : 0110**
વિષય- યુદ્ધ
શીર્ષક- યુદ્ધથી માનવ અને માનવ સંસાધનોનો સંહાર
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૮

યુદ્ધ એટલે વિરોધ અને વિગ્રહનું ઉગ્ર પ્રદર્શન. આપણી અંદર ચાલતું માનસિક વિચારયુદ્ધ, બે રાજકરણીઓ, બે વિદ્વાનો અથવા પોતાનું સામર્થ્ય સાબિત કરવા મથતા બે વ્યક્તિઓ વચ્ચે વાક્યુદ્ધ પણ યુદ્ધ છે. પહેલાના સમયમાં કોઈ બે વ્યક્તિ વચ્ચે તલવાર, ધનુષ્ય-બાણ, ગદા કે બીજા એવા વિશિષ્ટ આયુધોથી યુદ્ધ લડાતું હતું. આનું શ્રેષ્ઠ ઉદાહરણ રામાયણ અને મહાભારતના ધર્મયુદ્ધ છે, જેમાં યોદ્ધાઓ પોતપોતાના વિશિષ્ટ આયુધોથી યુદ્ધ લડ્યા. રામાયણમાં હનુમાનજી પોતાની ગદાથી યુદ્ધ લડ્યા અને પોતાની શક્તિના બળે સળગતી પૂંછથી લંકાદહન કર્યું. શ્રીરામે ધનુષ્ય અને બાણથી રાવણનો વધ કર્યો. શ્રીકૃષ્ણ દ્વારા સુદર્શન ચક્રથી શિશુપાલનો શિરચ્છેદ થયો. મહાભારતના ભીષણ યુદ્ધમાં ભીમ અને દુર્યોધને દ્વંદ્વયુદ્ધ કર્યું હતું. અર્જુને પોતાની બાણવર્ષા દ્વારા કૌરવપક્ષના મોટા મહારથીઓને પરાસ્ત કર્યા હતા.

હવે આજના યુગની વાત કરીએ તો આ બધાની ઉપર વાસ્તવિક રીતે લડાતા ઘાતક યુદ્ધ, જેમાં અતિખતરનાક શસ્ત્રો અને વિનાશક ઉપકરણોના ઉપયોગ દ્વારા મોટી જાનહાની થાય છે. સામાન્ય રીતે યુદ્ધ બે દેશ, પ્રદેશ અથવા સામ્રાજ્ય વચ્ચે લડાતા હોય છે. હવે આ યુદ્ધ માત્ર આયુધો અને ઘાતક શસ્ત્રોથી નથી લડાતા, પરંતુ શસ્ત્રો અને આયુધોની જગ્યાએ હવે વ્યુહાત્મક રીતે આર્થિક, ટેકનોલોજીકલ, રાસાયણિક, પરમાણુ અને વિજાણુ યુદ્ધથી દરેક પક્ષ પોતાની સર્વોપરીતા સાબિત કરવા સમગ્ર તાકાત સામેના પક્ષ ઉપર અજમાવે છે અને તેને પરાસ્ત કરવા પ્રયત્ન કરે છે.

દરેક યુદ્ધમાં મોટાપાયે માલમિલકતો અને જાનહાની થાય છે. કેટલાય નિર્દોષ લોકો પોતાનો જાન ગુમાવે છે. અગાઉના સમયમાં બે સામ્રાજ્ય વચ્ચે એકબીજાનું સામ્રાજ્ય જીતીને હડપી લેવાની હોડ હતી. પ્રદેશ અને સંપત્તિ મેળવી લેવાની લાલચ હતી. ભારત વર્ષમાં ઘણા યુદ્ધ પછી મોગલ સામ્રાજ્ય ધર્મને આગળ રાખીને વિસ્તર્યું હતું. આજના સમયમાં મહામહેનતે બુદ્ધિપૂર્વક માણસે પોતે ઉભું કરેલું માળખું માણસ પોતે જ પોતાની જીદ, મહત્વાકાંક્ષા અને એકબીજા ઉપર સર્વોપરિતા દર્શાવવા માટે ધ્વસ્ત કરે છે જે સાચે જ દયા ઉપજાવે છે. આ યુદ્ધના કારણોમાં જીદ, મમત, બીજાની પાસે રહેલા કુદરતી કિંમતી સંસાધનો ઉપર કબજો જમાવી વધુ સમૃદ્ધ બનવાની દાનત અને દુનિયામાં પોતાનો સર્વોપરીતાનો ડંકો વગાડવાની મહેચ્છા મુખ્ય હોય છે. મહાસંહારકારી બબ્બે વિશ્વયુદ્ધ માંથી પણ આપણે કશું શીખ્યા નહીં. વાસ્તવમાં યુદ્ધ એ કોઈપણ સમસ્યાનો હલ નથી. યુદ્ધથી માનવ અને માનવ સંસાધનોનો સંહાર થાય છે, જે કોઈપણ રીતે ગ્રાહ્ય ન હોવું જોઈએ.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)
★★★★★★

**NOG.SS.NO.0098**
વિષયઃ- યુદ્ધ
શીર્ષકઃ- અહમ
પ્રકાર :-ગદ્ય
શબ્દઃ- ૧૪૦

વિશ્વમાં કયા યુદ્ધો અસ્તિત્વનો જંગ છે માનવીનું સ્વાર્થ જીદ ને અહમ જ્યારે ટકરાય ત્યારે યુદ્ધ થાય અહંકારમાં માણસ ખોવાઈ જાય છે જીવનમાં સંગ્રામમાં પોતાનું અસ્તિત્વ કેવી રીતે ટકાવી રાખો એ માટે રોજ નવી નવી ટીકડમ ગુથ્યાં જ કરે છે યુદ્ધ અસ્ત્ર શસ્ત્રો ગોળીબારી ન્યાય અન્યાય મિસાઈલ લોતી તો યુદ્ધ લડાય છે પણ રોજિંદા જીવનમાં લોભ લાલચ કે પોતાને સત્યનું પ્રમાણ આપવા માનવી જીવનમાં દ્વંદ યુદ્ધ વાક યુદ્ધ મૌન વડે વગેરે અનેક પ્રકારથી સતત યુદ્ધ લડ્યા જ કરે છે.

વર્તમાન સમયમાં આર્થિક હિતો સાધવા, વિનાશ,વૈર માટે યુદ્ધ થાય છે જેનું પરિણામ ઘાતક હોય છે માણસ શાંતિ મેળવવા માટે અશાંતિના માર્ગે ચડી જાય છે ટેકનોલોજીના માધ્યમથી વિનાશના અત્યાધુનિક સાધનો બનાવવામાં માનવ વ્યસ્તને મશગુલ છે અને હેવાનીયત ની સીમા પાર કરી રહ્યા છે .યુદ્ધમાં હાર કે જીત આ બે માંથી કોઈ એક જ પરિણામ નીકળે છે યુદ્ધ જીતીને પોતે બુદ્ધિશાળી ની શ્રેણી માં આવી જાય છે એ માનવીનું સ્વભાવ છે. માણસ માણસની વચ્ચે સદીઓથી યુદ્ધ ચાલતા આવ્યા છે પણ સાચું યુદ્ધ તો પોતાના અંદર રહેલા વિકારોથી લડીને વિજય મેળે એ જ સાચી જીત છે.
??
લીના શર્મા
હાલોલ

# રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, વિતરણ વ્યવસ્થા અને લોકોને તે સરળતા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં પેટ્રોલ-ડિઝલ-ગેસ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, વિતરણ વ્યવસ્થા અને લોકોને તે સરળતા ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે સમગ્ર રાજ્યમાં હાલ ગેસ, પેટ્રોલ, ડીઝલ, ફર્ટીલાઇઝર સહિતની આવશ્યક ચીજ વસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

એટલું જ નહિં ભવિષ્યમાં પણ આ સપ્લાય પૂરતી માત્રામાં મળી રહે તે અંગેની વ્યવસ્થાઓ રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકીએ પણ આ બેઠકમાં ઉપસ્થિત રહીને વિવિધ સૂચનો કર્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ હાલની વૈશ્વિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં દેશના રાજ્યોમાં પેટ્રોલ, ડિઝલ, ગેસ, ખાતર અને અન્ન પુરવઠાની સ્થિતિ અંગે રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ અને કેન્દ્ર શાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરશ્રીઓ સાથે ગઇકાલે યોજેલી વિડીયો કોન્ફરન્સમાં તેમણે આપેલા દિશા-નિર્દેશોના પગલે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે રાજ્યના વરિષ્ઠ સચિવોની બેઠક યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં જણાવ્યું કે, હાલના સમયે બધા જ વિભાગોએ સતર્ક રહીને સંકલન સાથે ટીમ વર્કથી કાર્યરત રહી લોકોને આવશ્યક ચીજવસ્તુઓનો સપ્લાય સરળતાથી મળી રહે તે સુનિશ્ચિત કરવાનું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્યમાં પી.એન.જી. કનેક્શનને અગ્રતા આપવાની જે માર્ગદર્શિકાઓ કેન્દ્ર સરકારે આપેલી છે તેનો રાજ્યમાં ઝડપી અમલ કરીને નવા પી.એન.જી. કનેક્શન તાત્કાલિક ધોરણે અપાય તે જરૂરી છે. ખાસ કરીને રહેઠાણ સાથો સાથ શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલ્સને આવા કનેક્શનમાં અગ્રતા આપવા મુખ્યમંત્રીશ્રીએ સૂચવ્યું હતું.

ગુજરાત દેશમાં સૌથી વધુ ૨૩ ટકા પી.એન.જી. ગેસ કનેક્શન ધરાવતું રાજ્ય છે. આ ઉપરાંત દેશના ૧૨ ટકા સી.એન.જી. ફિલીંગ સ્ટેશન પણ રાજ્યમાં કાર્યરત છે.

વડાપ્રધાનશ્રીએ રાજ્યોને વધું નવા પી.એન.જી. કનેક્શન્સ માટે કરેલી હિમાયતના પગલે રાજ્યમાં નવા કનેક્શન આપવા માટેનું કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. પાછલા ૧૦ દિવસમાં ૧૨ હજારથી વધુ નવા પી.એન.જી. કનેક્શન્સ અને ૩૦૦થી વધુ નવા કોમર્શીયલ કનેક્શન્સ અપાયાં છે.

આ બેઠકમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રજૂ થયેલા પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં ૧.૨૮ કરોડ ડોમેસ્ટીક એલ.પી.જી. કનેક્શન છે. એટલું જ નહિં આ ડોમેસ્ટીક કનેક્શન ધારકોને ગેસનો પુરવઠો નિયમિત મેળવવામાં કોઇ તકલીફ ન રહે તે માટે ઓઇલ એન્ડ ગેસ કંપનીઝ સાથે રાજ્ય સરકાર સતત સંકલનમાં છે.

રાજ્ય સરકારે એલ.પી.જી. કનેક્શન ધારકોની કોઇપણ સમસ્યાના ત્વરિત નિવારણ માટે કાર્યરત કરેલી હેલ્પલાઇન દ્વારા અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ ફરિયાદોનું નિવારણ કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ પેટ્રોલ, ડિઝલ. ગેસ જેવી ચીજ વસ્તુઓની સંગ્રહખોરી અને કાળાબજાર કરનારાઓ પર નિગરાની રાખવા તથા કડકાઈથી પેશ આવીને દાખલારૂપ સજા થાય તે માટે તાકીદ કરી હતી. તેમણે કહ્યું કે આના પરિણામે લોકોના મનમાંથી અછત કે તંગીનો જે ખોટો ભય છે તે દૂર કરી શકાશે.

રાજ્યમાં ફર્ટીલાઈઝરનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને ખેડૂતોને ખરીફ સીઝન માટે ખાતરની કોઈ સમસ્યા રહે નહીં તેવું આયોજન કૃષિ વિભાગે કર્યું છે તેની પણ માહિતી આ બેઠકમાં આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પોર્ટ્સ પર કાર્ગોનું સરળ સંચાલન અને મોનિટરીંગ થાય તેમજ કન્જેશન થવાને કારણ સપ્લાય ચેનમાં રૂકાવટ ન આવે તે સુનિશ્ચિત કરવા અંગે પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં શ્રમિકોને પ્રવર્તમાન વૈશ્વિક સ્થિતિને કારણે આર્થિક મુશ્કેલી સહન કરવી ન પડે તે માટે તેમને મહેનતાણાની ચૂકવણી સમયસર થાય તે જોવાની સૂચના સબંધિત વિભાગોને મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

કેન્દ્ર સરકાર સાથેના સંકલન માટે અને જિલ્લાઓમાં સપ્લાય ચેઇન જળવાઈ રહે તેના માર્ગદર્શન માટે મુખ્યસચિવશ્રીના અધ્યક્ષ સ્થાને એક સ્ટેટ લેવલ કોર્ડીનેશન કમિટીની રચના કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો. જિલ્લા સ્તરની આવી કોર્ડીનેશન કમિટી કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને કાર્યરત થશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત





# માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્ર મોદીના
# વરદ હસ્તે

**₹19,800 કરોડ** થી વધુના વિકાસલક્ષી
વિવિધ પ્રકલ્પોનાં **લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**

**અતિથિ વિશેષ**

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

### કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

## વિકાસની ઐતિહાસિક ભેટ



**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઈન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે

**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલ્સથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS


Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat